આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦૧-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

# પ્રધાનમંત્રી-કચ્છ સરહદે દિવાળીની ઉજવણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરંપરા જાળવીને આ દિવાળી પણ દેશનાં જવાનો વચ્ચે ઉજવી હતી. શ્રી મોદી ગઈકાલે કેવડિયાથી કચ્છમાં સિરક્રિક ખાતે તૈનાત સૈનિકો વચ્ચે પહોંચ્યા હતા. તેમણે જવાનોને મીઠાઇ ખવડાવી હતી અને દીવાળીની શુભકામના પાઠવી હતી. જવાનોને સંબોધન કરતા તેમણે જણાવ્યું કે, આજે દેશ દુશ્મનની વાતો પર નહીં પણ સેનાના સંકલ્પો પર વિશ્વાસ મૂકે છે.

ભારત વિશ્વબંધુ તરીકે ઊભર્યું હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે આ મુજબ જણાવ્યુ-

બોર્ડર ટુરિઝમની સંભાવનાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, કચ્છમાં તેની અપાર સંભાવના છે. ગુજરાતમાં કચ્છ અને ખંભાતનાં અખાતમાં મેન્ગ્રુવ ફોરેસ્ટ અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતનાં દરિયા કિનારાઓ પર દરિયાઈ જીવો અને વનસ્પતિની સમગ્ર ઇકોસિસ્ટમ છે.

સેનાની ત્રણેય પાંખોમાં સંકલન વધારવાનાં પ્રયત્નોનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે. સરકારે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ-CDS નો નવો હોદ્દો ઊભો કર્યો છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અંગે તેમણે જણાવ્યું કે, આજે ભારત પોતાની સબમરિન બનાવે છે. સ્વદેશી બનાવટના તેજસ લડાકુ વિમાન વાયુ સેનાની તાકાત બન્યું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમવાર નરેન્દ્ર મોદીએ કચ્છમાં દિવાળીની ઉજવણી કરી હતી. 22 વર્ષ પહેલાં વર્ષ 2002માં ભચાઉના ચોબારી ખાતે તેમણે ભૂંકપગ્રસ્તો સાથે દિવાળીની ઉજવણી કરી અસરગ્રસ્તોને હૂંફ પાડી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-રાષ્ટ્રીય એકતા દિવસ

આ પહેલા ગઈકાલે સવારેપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ પ્રસંગે આયોજીત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા એકતાની ભાવના પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશવાસીઓએ રાષ્ટ્રીય એકતાને તોડવાનો પ્રયાસ કરનારા તત્વોથી સાવધ રહેવાની જરૂર છે.

કેવાડિયાનાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સંબોધન કરતા શ્રી મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલના અમૂલ્ય યોગદાનને યાદ કરતા જણાવ્યું કે સરદાર પટેલની 150મીં જંયતિ આગામી બે વર્ષ સુધી દેશભરમાં ઉજવાશે.

શ્રી મોદીએ એકતા નગર ખાતે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પર સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે ઉપસ્થિતોને એકતા દિવસના શપથ લેવડાવ્યા અને એકતા પરેડના સાક્ષી બન્યા. આ વર્ષે એકતા દિવસ પ્રસંગે આયોજીત આ સમારોહમાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની પોલીસ, ચાર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, NCC અને માર્ચિંગ બેન્ડની 16 ટુકડીઓ સામેલ હતી. શાળાના વિદ્યાર્થીઓનું પાઇપ બેન્ડ પણ પરેડમાં સામેલ થયું હતું.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-દક્ષતા પદક

કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક વર્ષ 2024 માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 463 કર્મચારીઓને એનાયત કરાયા છે. જેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંગઠનોના કર્મચારીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. આ ચંદ્રક ઉત્તમ કાર્યને બિરદાવવા, ઉચ્ચ વ્યાવસાયિક ધોરણોને પ્રોત્સાહિત કરવા અને મનોબળને મજબૂત બનાવવા માટે અપાય છે. જેમાં ક્ષેત્રીય તપાસ શ્રેણીમાં રાજ્યના છ પોલીસ અધિકારીઓને, જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવમાંથી બે PSI ને પદક એનાયત કરાયા છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## ભારતીય રેલવે

ભારતીય રેલવે આ તહેવારોની મોસમમાં રેલેવનાં મુસાફરોની સગવડતા માટે દેશભરમાં વિશેષ ટ્રેન સેવાઓ ચલાવી રહી છે. દર વર્ષે, રેલવે લાખો પ્રવાસીઓની સુવિધા માટે વિશેષ ટ્રેનો ચલાવે છે. આ વર્ષે, અગાઉનાં વર્ષોની સરખામણીમાં બે હજાર 800 વિશેષ ટ્રેનોનો વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે, આ મોસમમાં આશરે 4 હજાર 500 વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## પાક નુકસાની વળતર

પાક નુકસાની વળતર અંગેના ફોર્મ ભરવાની તારીખ 31-10 થી લંબાવીને 10 નવેમ્બર કરાઇ છે.

તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના પગલે ખેડૂતોનો મોટાભાગનો પાક નષ્ટ થયો હતો, જેથી સરકાર દ્વારા ખાસ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરાઇ હતી, જેના ફોર્મ ભરવા માટેની અવધિ લંબાવાઈ છે.

નોંધનીય છે કે, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં વરસેલા વરસાદના પગલે કચ્છમાં ખેતીને મોટા પાયે નુકસાન થયું હતું. ખાસ કરીને મગફળી, કપાસ, મગ, તલ સહિત રામોલ પાકને નુકસાની થઇ હતી.

**(NP/અશરફ નથવાણી)**

---

## દિવાળી

દીપાવલીનાં પંચ પર્વ દરમ્યાન આજે પડતર દિવસ છે. ગઈકાલે મોડીરાત સુધી  આતશબાજી અને ફટાકડાનાં ધૂમ ધડાકા વચ્ચે દિવાળી પર્વની ઉજવણી કરાઈ હતી. આજે પડતર દિવસે કેટલાક સ્થળે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આવતીકાલ શનિવાર થી શરૂ થતાં વિક્રમ સંવત 2081 નાં નૂતન વર્ષ નાં વધામણા લેવાશે.

**(ચંદ્રવદન પટ્ટણી/અશરફ નથવાણી)**

---